

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-18 ■ તા. 26-04-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂ. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂ. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# કોરોના સંકટ હજુ બે માસ વેઠવું પડશેઃ સરકારનો ધડાકો

## સંક્રમણનો વ્યાપ હજુ બે માસ સુધી રહેશે,લોકડાઉનના ચૂસ્ત અમલથી કોરાનાની ગતિ અને વ્યાપ પર નિયંત્રણ રાખી શકાયું છે, રાજ્યના ૩૦ જિલ્લામાં કોરોના ફેલાયો,મે મહિનો મહામારી માટે ભારેઃ જ્યંતિ રવિ



ગાંધીનગર,તા.૨૫

શું ગુજરાતમાં કોરોના સંકટ ૪૦ દિવસના લોકડાઉન બાદ પણ હજુ બે મહિના એટલે કે જૂન મહિના સુધી ચાલશે...? શું અમદાવાદમાં ખરેખર ૫૦ હજાર કે ૮ લાખ કેસો કોરોના પોઝીટીવના નોંધાશે...? જો સરકારના ઉચ્ચ સત્તાધીશોને સાંભળવામાં આવે તો તેમાંથી એવો જ સાફ સાફ મતલબ નિકળે છે કે ગુજરાતના લોકોએ કોરોનાની લડાઈ માટે બદુ બે મહિના વધુ લોકડાઉનનો સામનો કરવા તૈયાર રહેવુ પડશે. અને રાજ્યના સૌથી મોટા શહેરમાં કોરોના પોઝીટીવના કેસો ૫૦ હજારથી લઈને ૮ લાખ સુધી થવાની પૂરેપૂરી શક્યતા છે. આરોગ્ય વિભાગના મંત્રી નીતિન પટેલ દ્વારા નહીં પણ તેમના વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ આજે એવી જાહેરાત કરીને સૌને ચોંકાવી દિધા કે કોરોની લડાઈ હજુ વધુ બે મહિના ચાલશે અને લોકોએ તેના માટે તૈયાર રહેવાનું છે. તો અમદાવાદમાં ૫૦ હજાર કે ૮ લાખ કેસો થવાની શક્યતાની વાત ભાજપના મેયર બિજલ પટેલે નહીં પણ મ્યુનિ. કમિશ્નર વિજય નેહરાએ કરી છે. જેનો એક અર્થ એવો થઈ રહ્યો છે કે પ્રજાને કડવા ડોઝ પિવડાવવા માટે સરકાર અને સ્થાનિક પક્ષ અધિકારીઓને આગળ કરી રહ્યાં છે. જ્યારે પોતે આવી પ્રજાને ન ગમે એવી માહિતી આપવા માટે અધિકારીઓને આગળ ધરી રહ્યાં છે. જો અધિકારીઓની વાત સાચી હોય તો અમદાવાદ અને ગુજરાતે કોરોના મહામારીના સામના માટે વધુ જોરથી કમર કસીને બાંધવી પડે તો નવાઈ નહીં. ખાસ કરીને ૩ મે પછી પણ લોકડાઉનમાં વધારો થવાની શક્યતાનો ઈશારો અદિકારીએ કર્યો છે.દરમ્યાનમાં, ગુજરાતમાં કોરોનાનો ચેપ પોતાનો વ્યાપ વધારી રહ્યો છે. કોરોના રાજ્યના ૩૩ જિલ્લામાંથી ૩૦ જિલ્લા સુધી પહોંચી ગયો છે. રાજ્યના ત્રણ જિલ્લા અમરેલી, જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી. કોરોના અંગે અપડેટ વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છેકે, રાજ્યના ૩૦ જિલ્લામાં કોરોનાનો ચેપ ફેલાયો છે. હજુ ત્રણ જિલ્લા સુધી આ ચેપ પહોંચ્યો નથી. સંક્રમણ ધીમું કેવી રીતે પડે તે જરૂરી છે. સંક્રમણ ધીમું પડે તે માટે તંત્ર એલર્ટ છે. આ લડત હજુ બે મહિના ચાલશે. લોકોએ ખૂબ સહયોગ આપ્યો છે. ગંભીર બીમારી ધરાવતા લોકોએ સાચવવાની જરૂર છે. ખોટી અફવા ફેલાવવાની જરૂર નથી અને ગભરાવવાની જરૂર નથી. દરેક વ્યક્તિ સહકાર આપશે તો જંગ ઝડપથી જીતી શકીશું.

ગૃહમંત્રાલયની મોડી રાત્રે આવેલી ગાઈડલાઈનના કારણે રાજ્યભરના દુકાનદારો અને શોરૂમના માલિકોમાં અસમંજસ જોવા મળી રહ્યો છે. દુકાનદારો દુકાન ખોલવી કે બંધ રાખવી તેને લઈને મૂંઝવણ અનુભવી રહ્યાં છે. કોર્પોરેશનની હદમાં અને મ્યૂનિસિપાલ્ટીની હદમાં આવેલા તમામ દુકાનદારો મૂંઝવણમાં છે. બીજી બાજુ પોલીસને પણ હજુ પૂરતી માહિતી ન હોવાથી બહાર નીકળતા દુકાનદારોને પોલીસ રોકી રહી છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોર્મર્સના પ્રમુખે જણાવ્યું છેકે, આજે ૧૧ વાગ્યે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં બેઠક મળશે. સરકાર જે નિર્ણય જારી કરશે તેને માન્ય રાખીને રાજકોટમાં વેપાર ઉદ્યોગ શરૂ કરવામાં આવશે.

રાજયમાં શુક્રવારે ૧૯૧ નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા આ સાથે જ રાજ્યમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૮૧૭ થઇ હતી જ્યારે વધુ ૧૫ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૨૭એ પહોંચ્યો છે. શુક્રવારે વધુ ૭ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા અને આમ કુલ ૨૬૫ લોકોએ કોરોના સામે જંગ જીતી લીધો છે. શુક્રવારે સાંજની સ્થિતિએ છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં માત્ર ૧,૪૩૮ ટેસ્ટ થયા હોવાનું સરકારના આંકડાઓ પર જણાય છે. ગુરુવારે સાંજની સ્થિતિએ રાજયમાં કુલ ૪૨,૩૮૪ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.જે સંખ્યા શુક્રવારે ૪૩,૮૨૨ની જાહેર કરાઇ હતી. એટલે ૪૩,૮૨૨ માંથી ૪૨,૩૮૪ બાદ કરતાં ૧૪૩૮ ટેસ્ટ થયા હોવાનું સત્તાવાર ચિત્ર સામે આવ્યું છે.

આ સાથે ગુજરાતમાં અમદાવાદના ૧૪ અને સૂરતના ૧ મળીને કુલ ૧૫ લોકો મૃત્યુ પામ્યા છે અને આ સાથે ગુજરાતમાં કુલ ૧૨૭ લોકો કોરોનાના ભોગ બન્યા છે. જ્યારે ૨૯ લોકો વેન્ટિલેટર પર છે. શુક્રવારે વધુ ૭ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા અને આમ કુલ ૨૬૫ લોકોએ કોરોના સામે જંગ જીતી લીધો છે.

## આજથી રાજ્યની તમામ દુકાનો શરતોને આધીન ખૂલશેઃ સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન ફરજિયાત

ગાંધીનગર,તા.૨૫

રાજ્યના નાના-મોટા દુકાનધારકો, ધંધા વ્યવસાયકારો માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં આવતીકાલે રવિવાર તારીખ ૨૬ એપ્રિલથી મોલ તેમજ માર્કેટીંગ કોમ્પલેક્સ સિવાય તમામ દુકાનોને પોતાના ધંધા વ્યવસાય કરવા માટે છૂટ આપવામાં આવશે. ભારત સરકારના જાહેરનામાના અનુસંધાને મુખ્યમંત્રી દ્વારા આ નિર્ણયની જાહેરાત કરી છે.

આવી છૂટછાટ નિયમો અને શરતોને આધિન આપવામાં આવી છે. જે દુકાનો-ધંધા વ્યવસાયને વ્યવસાય માટે છૂટ આપવામાં આવી છે તે વિસ્તાર કન્ટેઈનમેન્ટ વિસ્તારની બહાર હોવો જોઈશે. દુકાન-ધંધા વ્યવસાયના નિયમિત સ્ટાફના ૫૦ ટકા સ્ટાફ રાખવાનો રહેશે.

માસ્ક પહેરવાનું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું પણ ફરજિયાત પાલન દુકાન-ધંધા વ્યવસાયકારોએ કરવાનું રહેશે. જે-તે સ્થાનિક સત્તામંડળે જાહેર કરેલા કન્ટેઈનમેન્ટ વિસ્તારો માન્ય ગણાશે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત એવો પણ નિર્ણય કર્યો છે કે, IT તેમજ ITES ઈન્ડસ્ટ્રીઝમાં પણ ૫૦ ટકા સ્ટાફ કામકાજ માટે રાખવાની શરતે અને જો આવી ઈન્ડસ્ટ્રી કન્ટેઈનમેન્ટ ઝોન બહારના વિસ્તારમાં હોય તો તેવી ઈન્ડસ્ટ્રીઝને પણ મંજૂરી આપવામાં આવશે.

★ દુકાનદારોએ કોઈ પાસની જરૂર નથી. માત્ર ગુમાસ્તા ધારાનું લાઈસન્સ અને ઓળખના પુરાવા જરૂરી રહેશે

★ આઈટી અને આઈટી સેક્ટર સાથે જોડાયલી ઈન્ડસ્ટ્રીને કન્ટેઈનમેન્ટ એરીયાની બહાર ૫૦ ટકા સ્ટાફ સાથે ચાલુ કરવાનો નિર્ણય કરાયો

★ સહકારી મંડળીના વ્યવસ્થાપક કમિટીની મુદત ત્રણ માસ માટે લંબાવાઈ

★ એનએફએસએ કાર્ડ ધારકના સાડા ચાર લાખ લોકોએ અનાજ મેળવવાનો લાભ લીધો

★ સસ્તા અનાજની દુકાનનો સમય સવારના ૮ થી સાંજ સુધી કરવામાં આવ્યો

★ શોપ એન્ડ એસ્ટાબ્લીસ મેન્ટ એક્ટ હેઠળ આવતી દુકાનો શરૂ કરવામાં આવશે

★ સ્ટેશનરી દુકાનો, કારીયાણા, મોબાઈલ રિચાર્જની દુકાનો, પંચરની દુકાનો, ઈલેક્ટ્રીકની દુકાનોને છૂટ અપાશે.

★ એસી રિપેરિંગ દુકાનો ખુલી શકશે.

### શુ નહિ ખોલી શકાય

★ મોલ અને માર્કેટીંગ કોમ્પલેક્ષને હજુ શરૂ કરવામાં આવશે નહિ

★ પાન મસાલાની દુકાનો શરુ કરવાની નથી

★ આઈસ્ક્રીમની દુકાનો અને હોટેલો વિશે નિર્ણય હજુ થયો નથી. ફાસ્ટફૂડ અને હોટેલ રેસ્ટોરન્ટ વિશે સાંજે નિર્ણય કરવામાં આવશે

★ પબ્લિક ટ્રાન્સપોર્ટને હજુ મંજુરી અપાઇ નથી


★ રીક્ષાને પણ મંજુરી નથી

★ પગરખા દુકાનો નહીં ખુલે

★ પાનના ગલ્લાનો નિર્ણય હજી કરાયો નથી. સલૂન પણ નહિ ખોલી શકાય. .

★ નાસ્તા-ફરસાણની દુકાનો પણ નહિ ખૂલે. ઠંડા પીણાંની દુકાનો નહીં ખોલી શકાય.

## કોરોના ઈફેક્ટઃ અમેરિકા અને ચીન વચ્ચે તણાવ વધ્યો



ન્યુ દિલ્હી,તા.૨૫

જીવલેણ કોરોના વાયરસને લઈને ચાલી રહેલા મુકાબલા વચ્ચે અમેરિકાના બે યુદ્ધપોત વિવાદિત દક્ષિણ ચીન સાગરમાં ઘૂસી ગયા છે. સૈન્ય વિશ્લેષકોનું માનવું છે કે આ ઘટનાક્રમને લઈને વાયરસની ઉત્પત્તિને લઈને પહેલાથી જ બાખડેલા અમેરિકા અને ચીન વચ્ચે તણાવ ખૂબ વધી ગયો છે. આટલું જ નહી વોશિંગ્ટનના આ પગલાથી વિવાદિત સમુદ્રી ક્ષેત્રમાં ચાલી રહેલા ગતિરોધ પણ વધી શકે છે. આ ઘટના એવા સમયે ઘટી કે જ્યારે દુનિયાના મોટાભાગના દેશો કોરોનાને લઈને લોકડાઉનમાં છે.રક્ષા વિશેષજ્ઞો અનુસાર, અત્યંત મારક યૂએસએસ અમેરિકા અને ગાઈડેડ મિસાઈસથી લેસ, યૂએસએસ બંકર હિલ યુદ્ધપોત દક્ષિણ ચીન સાગરના વિવાદિત મલેશિયાઈ જળ ક્ષેત્રમાં દાખલ થયા હતા. બન્ને અમેરિકી યુદ્ધપોત જે સમયે વિવાદાસ્પદ ક્ષેત્રમાં ઘુસ્યા, તે સમયે તે ક્ષેત્રમાં ચીન સરકારનું એક પોત કેટલાય દિવસથી મલેશિયાલ તેલ કંપનીના જહાજની આજુબાજુ મંડરાઈ રહ્યું હતું.

મલેશિયાઈ તેલ કંપનીની આ બોટ સમુદ્રી ક્ષેત્રમાં તેલની શોધ કરવાના કામમાં જોડાયેલું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. નજીકના ક્ષેત્રમાં ચીન અને ઓસ્ટ્રેલિયાના યુદ્ધપોત પણ ત્યાં ચક્કર મારી રહ્યા હતા.જાણકારોનું માનવું છે કે, કોરોના સંકટ સામે જુજવા દરમિયાન બીજીંગના દક્ષિણ ચીન સાગરમાં પોતાની ગતિવિધીઓ રત્તિભર પણ ઓછી નહોતી કરી. તેમના અનુસાર, મહામારી દરમિયાન પણ ચીને આ વિવાદિત સમુદ્રી ક્ષેત્રમાં પોતાનું આક્રમક વલણ ચાલુ જ રાખ્યું. ઓસ્ટ્રેલિયન સ્ટ્રેટેજીક પોલીસી ઈન્સ્ટીટ્યૂટના પીટર જેંનગ્સ અનુસાર, ચીનનું માનવું છે કે વર્તમાન સમયમાં અમેરિકાની ક્ષમતા ઓછી થઈ ગઈ છે. ત્યારે તે પાડોશીઓને દબાવવાની રણનીતિ પર જાણી જોઈને તેજીથી અમલ કરી રહ્યા છે. જાન્યુઆરીમાં જયારે કોરોના વાયરસે તેજીથી ફેલાવાનું શરું કર્યું ત્યારે તે સમયે ચીને દક્ષિણ ચીન સાગરમાં પોતાની સૈન્ય ગતિવિધિઓ વધારી દીધી હતી. આ દરમિયાન તેણે સમુદ્રમાં દાવેદારી કરનારા દેશો અને તેમના માછીમારોને હેરાન કરવાનું શરુ કર્યું. આ મહિનાની શરુઆતમાં વિયેતનામે આરોપ લગાવ્યો કે ચીનના એક પોતે ટક્કર મારીને તેની એક નૌકાને ડૂબાડી દીધી હતી.

### પુલવામામાં સેનાનો પ્રહાર, બે આંતકી અને તેમને મદદ કરનાર ઠાર

શ્રીનગર,તા.૨૫

જમ્મુ કાશ્મીરમાં શનિવારના રોજ પુલવામા જિલ્લામાં સુરક્ષાદળો સાથેરની અથડામણમાં બે આતંકવાદીઓ તેમજ એક સાથીદારને ઠાર કરી દેવામાં આવ્યા છે.

ઠાર કરાયેલા આતંકવાદીઓ ખુંખાર આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા હોવાનું જણાયું હતું.

દક્ષિણ કાશ્મીરમાં અવંતીપોરા ખાતેના ગોરીપોરા વિસ્તારમાં સુરક્ષાકર્મીઓ એક્રાઉન્ટર હાથ ધર્યું હતું જેમાં બે આતંકવાદી તેમજ તેમના એક સાથીદારને ઠાર કરવામાં આવ્યા હતા. સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારની નાકાબંધી કરી સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.ચોક્કસ માહિતીના આધારે સુરક્ષાદળોએ અહીં સર્ચ શરૂ કર્યું હતું જેમાં આતંકવાદીઓએ ગોળિબાર કર્યો હતો અને બાદમાં સેના દ્વારા વળતો હુમલો કરવામાં આવ્યો હતો.

### ટ્રમ્પની સલાહ બાદ ન્યૂયોર્કમાં ૩૦ લોકોએ જંતુનાશક લિકવીડ પી લીધું

વોશિંગ્ટન,તા.૨૫

અમેરિકાના રાષ્ટ્પતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોનાથી બચવા માટે જંતુનાશક દવાઓ પીવાની આપેલી સલાહ ભારે પડી રહી છે.

ગઈકાલે પત્રકાર પરિષદમાં ટ્રમ્પે આવુ કહ્યા બાદ ન્યૂયોર્કમાં છેલ્લા ૧૮ કલાકમાં એવા ૩૦ કેસ સામે આવ્યા છે જેમાં લોકોએ કથિત રીતે બ્લીચ, સફાઈ માટે વપરાતુ લાઈઝોલ કે ડેટોલ પી લીધુ હોય. મીડિયા રિપોર્ટ પ્રમાણે પોઈઝન કંટ્રોલ સેન્ટર પાસે આવેલા આવા કેસમાં જોકે કોઈનુ મોત થયુ નથી અને કોઈને હોસ્પિટલમાં સારવારની જરુર પડી નથી.ટ્રમ્પની આ પ્રકારનુ નિવેદન આપવા બદલ ભારે ટીકાઓ થઈ રહી છે ત્યારે તેમણે પોતાનુ નિવેદન ફેરવી તોળ્યુ છે. ટ્રમ્પે કહ્યુ છે કે, આ ગંભીર રીતે કરાયેલુ નિવેદન નહોતુ.હું તો પત્રકારો સાથે મજાક કરી રહ્યો હતો. હું મજાકમાં પૂછી રહ્યો હતો એ જોવા માટે કે શું થાય છે.દરમિયાન ડેટોલ અને લાઈઝોર બનાવનાર કંપનીઓએ એક નિવેદન બહાર પાડીને શુક્રવારે સાંજે કહ્યુ છે.

## લંડનમાં ઘરેલુ હિંસાના કેસમાં ચાર હજારની ધરપકડ

## કોરોનાએ વિશ્વભરમાં ૧.૯૭ લાખનો ભોગ લીધોઃ ઈટાલીમાં ૧૫૦ ડોક્ટરના મોત

ન્યૂયોર્ક,તા.૨૫

વિશ્વભરમાં કોરોનાના ૨૮.૩૨ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૧.૯૭ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૮ લાખ ૭ હજાર લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. ઈટાલીમાં ૧૫૦ ડોક્ટરે જીવ ગુમાવ્યા છે, જ્યારે લંડનમાં ઘરેલુ હિંસાના કેસમાં ચાર હજાર વ્યક્તિની ધરપકડ કરાઈ છે.

**જર્મનીની સ્થિતિ સુધરી રહી છે**

કોરોના સામેની લડાઈમાં જર્મનીની સ્થિતિ સુધરી રહી છે. અહીં કુલ ૧.૫૫ લાખ કેસ નોંધાયા છે. જેમાં હાલ ૩૯ હજાર ૪૩૯ જ એક્ટિવ કેસ છે. થોડા દિવસ પહેલા અહીં ૪૮ હજારથી વધારે પોઝિટિલ કેસ હતા. ૧.૧૦ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. જર્મનીમાં ૫૭૬૦ લોકોના મોત થયા છે.

**અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૫૧ લોકોના મોત, ન્યૂયોર્કમાં કેસ ઘટ્યા**

અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૫૧ લોકોના મોત થયા છે. સૌથી વધારે પ્રભાવિત ન્યૂયોર્ક શહેરમાં શુક્રવારે ૪૨૨ લોકોના મોત થયા છે.૩૧ માર્ચ પછી પ્રથમવાર અહીં દૈનિક મૃત્યુઆંક ઓછી નોંધાયો છે. અમેરિકામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૯.૨૫ લાખ થઈ ગઈ છે. મૃત્યુઆંક ૫૨ હજાર ૧૮૫ છે.ન્યૂયોર્કના ગવર્નર એડ્રયુ ક્યૂમોએ કહ્યું કે રાજયમાં પોઝિટિવ કેસ અકલ્પનિય સ્તરે છે. જોકે સંક્રમણ ઘટી રહ્યું છે. ધીમે ધીમે દર્દીઓની સંખ્યા ઓછી થઈ રહી છે. અહીં ૧૬ હજારથી વધારે લોકોના જીવ ગયા છે.

**અમે ઘણા દેશોમાં વેન્ટિલેટર મોકલી રહ્યા છીએઃ ટ્રમ્પ**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમે પ્રેસ બ્રીફિંગમાં કહ્યું છે કે તેમની સરકાર દેશને ફરી ખોલવા માટે કામ કરી રહી છે. લોકોને સોશિયલ ડિસ્ટેંસિંગનું પાલન કરવાની અને સ્વચ્છતા જાળવવાની અપીલ કરી. તેમણે વધુમાં કહ્યું કે જે દેશોમાં વેન્ટિલેટરની જરૂર છે તેમને અમેરિકા મોકલી રહ્યું છે. અમારી પાસે તેની ક્ષમતા સારી છે. અમે મેક્સિકો, ઈન્ડોનેશિયા, ફ્રાન્સ, હોંડુરાસની મદદ કરી રહ્યા છીએ. સાથે ઈટાલી અને સ્પેનમાં પણ મોકલી રહ્યા છીએ. બીજી તરફ અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને સંક્રમિત દર્દીઓને હાઈડ્રોક્સીક્લોરોક્વીન આપવાને લઈને ચેતવણી આપી છે. જેમાં કહેવાયું છે કે આ દવાથી દર્દીના હૃદય ઉપર ખરાબ અસર થઈ શકે છે.

## શ્રીલંકા સરકાર આરબીઆઈ સાથે ૪૦ કરોડ ડોલર મુદ્રાની અદલા-બદલીનો કરાર કરશે

ન્યુ દિલ્હી/કોલંબો,તા.૨૫

કોરોના સંકટના કારણે સમગ્ર દુનિયાભરની આર્થિક સ્થિતિ પર ખુબજ ખરાબ અસર જોવા મળી રહી છે. આની અસર ભારતના પડોશી દેશ શ્રીલંકા પર પણ પડી છે. શ્રીલંકા સરકારે હાલત પર કાબૂ મેળવવા માટે તમામ પ્રયાસ હાથ ધર્યા છે. હવે વિદેશી મુદ્રા ભંડારને મજબુત કરવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે. આજ કારણ છે કે શ્રીલંકા સરકાર ભારતીય રિઝર્વ બેક્ર સાથે ૪૦ કરોડ ડોલર મુદ્રાની અદલા બદલીનો કરાર કરવા જઈ રહી છે.શ્રીલંકાના સૂચના તેમજ સંચાર મંત્રી બંદુલા ગુણાવર્ધને કહ્યું કે કેન્દ્રીય મંત્રીમંડળ અને પ્રધાનમંત્રી મહિન્દ્રા રાજપક્ષે દ્વારા રાખવામાં આવેલ રિઝર્વ બેક્ર સાથે નાકીય સુવિધાઓના કરાર સંબંધી પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. આનાથી દેશની આંતરરાષ્ટ્રીય રોકડની જરૂરિયાત પુરી કરવામાં મદદ મળશે.ગુણાવર્ધને કહ્યુ કે શ્રીલંકા, રિઝર્વ બેક્ર સાથે ૪૦ કરોડ ડૉલરની મુદ્રા અદલા-બદલી કરવાનો કોન્ટ્રાક્ટ કરશે. તેમણે જણાવ્યું કે તેમના આ પગલાથી દેશની વિદેશી મુદ્રા ભંડાર મજબુત થશે. વેપાસ સંબંધીત ચુકવણી કરતી વખતે બંને દેશની મુદ્રાઓની અદલા-બદલી કરાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.રિઝર્વ બેક્રે ભારતના વિદેશી મુદ્રા ભંડારના આંકડાઓ જાહેર કર્યા છે. જે અનુસાર ૧૭ એપ્રિલે વિદેશી મુદ્રા ભંડાર ૩.૦૯ અરબ ડૉલરથી વધીને ૪૭૯.૫૭ અરબ ડૉલરે પહોંચી ગયો છે.

# તંત્રી લેખ

## કોરોના સારવાર અને ટેસ્ટીંગ માટે ખાનગી લેબ અને હોસ્પિટલોનો ઉપયોગ કરવો જરૂરી

કોરોના...કોરોના...કોરોના...છેલ્લાં બે મહિનાથી ગુજરાત અને દેશના લોકો કોરોના નામથી એવા ભડકે છે કે કોઈ ખાલી કો...બોલે તો તરત જ તે શબ્દ કોરોના જ છે એમ માની લે છે...!! રૂપાણી સરકાર વતી સચિવ જયંતિ રવિએ કોરોના સામે હજુ બે મહિના જંગ લડવાની હાકલ કરી છે. અમદાવાદના મ્યુનિ. કમિશ્નર વિજય નેહરા વળી રવિથી બે ડગલા આગળ જઈને કહે છે કે એકલા અમદાવાદમાં ૧૫ મે સુધીમાં ૫૦ હજાર કેસો થઈ શકે....યાદ રહે કે આ પ્રકારની જાહેરાતો ચૂટણીના સમયે સહેલાઈથી મળતાં આગેવાનો કે સરકારના મુખિયા વિજય રૂપાણી કે આરોગ્ય મંત્રી નીતિન પટેલે કરી નથી. તેઓ આવી મહત્વની અને ૬ કરોડની વસ્તીને સ્પર્શતી જાહેરાત પોતે કેમ કરતાં નથી અને અધિકારીઓને કેમ આગળ કરે છે તે પણ પોલીટીકલ સાયન્સના વિદ્યાર્થીઓ માટે એક સંશોધનનો વિષય હોઈ શકે. કોરોનાના કેસો વધી રહ્યાં છે. સરકાર પગલા લઈ રહ્યાં છે. છતાં રોગ કાબુમાં આવતો નથી. આ અંગે જીએનએસ દ્વારા કેટલાક તબીબ નિષ્ણાતો સાથે વાતચીત કરીને તેમણે જે ઉપાયો સૂચવ્યાં તેનો જો અમલ કરવામાં આવે તો ટેસ્ટીંગની માત્રા વધશે, કોરોનાના છુપા દર્દીઓ હાથમાં આવશે પરિણામે બીજાને ચેપ લાગતો અટકશે અને ખૂબ ઝડપથી કોરોનાના ચેઈન તોડવામાં સરકાર સફળ થઈ શકે.

તબીબોએ જે સૂચનો કર્યાં છે તે મુજબ એક તો, કોરોના વાઈરસની ચેઈન એટલે કે સાંકળ કે કડી તોડવી જરૂરી છે. એક પોઝીટીવ બીજાને અને બીજો ત્રીજાને ચેપ ફેલાવે તે થઈ સાંકળ. પણ જો પહેલાને કે બીજાને શોધી કાઢવામાં આવે તો આ સંકળ આગળ વધતી અટકે. અને તે માટે ટેસ્ટીંગની માત્રા વધારવી પડે. સરકાર પાસે સરકારી હોસ્પિટલોની એક મર્યાદા છે. પણ જો ખાનગી હોસ્પિટલો કે જે સારામાં સારી લેબ સાથે સુસજ્જ છે. હાલમાં લોકડાઉન અને કોરોનાને લીધે ખાનગી હોસ્પિટલો ઈમરજન્સી સિવાય ખાલી છે. સરકાર તેમની સાથે કરાર કરે. રૂમ ચાર્જ નક્કી કરે. ટેસ્ટીંગના દર નક્કી કરે અને કોરોના પોઝીટીવના દર્દીઓને સરકારી હોસપિટલોમાં જગ્યા ના હોય તો ભાડે રખાયેલી ખાનગી હોસ્પિટલોમાં મોકલે. જ્યાં ટેસ્ટીંગ થશે અને સારવાર થશે. સરકાર કોરોના સારવારના દર નક્કી કરે અને પેશન્ટ દીઠ ચૂકવે. તેમાં પારદર્શકતા રાખવામાં આવે. જેથી સરકાર કે હોસ્પિટલો સામે કોઈ આંગળી ના ચિંધે. સરકાર પાસે ઈમરજન્સીમાં આવી હોસ્પિટલો સંપાદિત કરવાની કાયદાકિય સત્તા છે. પણ જો ફાઈસ્ટાર પ્રકારની કે સારામાં સારી સુવિધા ધરાવનાર મલ્ટી સુપર સ્પેશ્યાલીટી વાળી હોસ્પિટલો સામે ચાલીને સરકાર સાથે જોડાય તેવા પ્રયાસો સરકાર કરે તો તે સાનુકૂળ રહેશે. તેમની સાથે એક પેશન્ટને સારવાર કરવાના કિફાયતી દર સરકાર નક્કી કરે. જો તેમ થાય તો અમદાવાદ અને ગુજરાતમાં સેંકડો હોસ્પિટલોના હજારો બેડ અને લેબનો લાભ સરકારને મળે. ખાનગી હોસ્પિટલો પણ કોરોના જંગમાં પોતાનું યોગદાન આપી શકે. ઉપરાંત, અમદાવાદ સહિત નાના શહેરોમાં સારી સુવિધા ધરાવતી લેબોરેટરીઓ છે. તેમાંથી માપદંડ પ્રમાણેની લેબ પસંદ કરીને કોરોનાના ટેસ્ટીંગની માન્યતા આપે તો સરકારી લેબ પરનું ભારણ ઘટશે અને ખાનગી લેબને આવક પણ થશે. જો કે ટેસ્ટીંગના પૈસા દર્દીને બદલે સરકાર ચૂકવે. સરકાર તેના વાજબી દર નક્કી કરે અને તેમને જંગમાં સામેલ કરે તો હજારો લેબમાં રોજેરોજ હજારોની સંખ્યાંમાં ટેસ્ટીંગ થશે. હાલમાં જે રોજના ૩ હજાર ટેસ્ટીંગની ક્ષમતા છે તેમાં વધારો થતીં પોઝીટીવ પેશન્ટને શોધી કાઢવામાં ઝડપ આવશે અને તેમ કરતાં કોરોનાની ચેઈન તોડવામાં સફળતા મળી શકે. હાલમાં આવી લેબ લોકડાઉનમાં બંધ છે ત્યારે તેમને પણ આવક મળશે. અને ટેસ્ટીંગના અભાવે જે સંભવિત કોરોના પોઝીટીવ લોકો ખુલેઆમ ફરી રહ્યાં છે, તેમાંથી ઘણાને ખબર પણ નહીં હોય કે તેમનામાં કોરોનાના લક્ષણો છે, એવા લોકોના ટેસ્ટીંગથી કોરોની ચેઈન તૂટશે, કોરોના ભાગશે.નિષ્ણાતોનું માનવુ છે કે સરકારે સંખ્યાંબંધ કોરોના હોસ્પિટલો તૈયાર કરી છે. રોજ ૨૦૦ કેસો વધી રહ્યાં છે. ૨૦૦ કેસ એટલે ૨૦૦ દર્દીઓ અને ૨૦૦ દર્દીઓ એટલે ૨૦૦ પથારીઓ કે બેડની વ્યવસ્થા કરવી પડે. ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં જગ્યા નથી. તેથી સરકારે આ જંગમાં ખાનગી હોસ્પિટલોની અને ખાનગી લેબની મદદ લેવી જોઈએ. નમસ્તે ટ્રમ્પમાં ૨૦૦ કરોડ ખર્ચાયા. પ્રજામાંથી કોઈએ વિરોધ કર્યો નહોતો. કોરોનાથી લોકોને બચાવવા ખાનગી હોસ્પિટલો કે ખાનગી લેબની સેવામાં ૨૦૦ કરોડ વપરાઈ જાય તો પણ તેનો કોઈ વિરોધ નહીં થાય. કારણ કે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ કહ્યું છે, જાન હૈ તો જહાન હૈ....જાન ભી બચાના હૈ, જહાન ભી બચાના હૈ....!

## સુરતમાં કોરોનાની સ્થિતિને લઈ મ્યુ. કમિશનર બંછાનિધિની ચેતવણી

# સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ ન કર્યો તો ૩૧મી મે સુધીમાં દર્દી ૧.૬૪ લાખને પાર થશે

### વૃદ્ધોને સલામત રાખવા વડીલ બંધન અભિયાન

શહેરના લાખો વરિષ્ઠ નાગરિકોને સલામત રાખવા માટે પાલિકાએ વડીલ બંધન અભિયાન શરૂ કર્યુ છે. કમિશનર પાનીએ કહ્યું હતું કે ૬૦ વર્ષથી વધુની વય ધરાવતા તથા બ્લડ પ્રેસર, ડાયાબિટીસ જેવી બીમારી ધરાવતા વડીલો ઘરની બહાર નહીં નિકળે તે ખૂબ જરૂરી છે. તેમની ફરતે સુરક્ષા કવચ બનાવવું જરૂરી છે, પાલિકા પોસ્ટ વિભાગની મદદથી વરિષ્ઠ નાગરિકોને ઘર બેઠા દવા અને કરિયાણું મળી શકે તે માટે પ્રયત્ન કરી રહી છે. આ માટે ટોલ ફ્રી નંબર જાહેર કરવામાં આવશે.

સુરત,તા.૨૫

સુરત શહેરમાં કોરોના પોઝિટિવના દર્દીઓની સંખ્યા ૪૫૦ને પાર કરી જતા મ્યુ. કમિશનર બંછાનિધી પાનીએ આજે ચેતવણી આપી છે કે લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ નહીં કર્યો અને દર ત્રણ દિવસે કોરોના પોઝિટિવના દર્દીઓ બમણા થયા તો ૩૧મી મે સુધીમાં સુરતમાં કોરોના પોઝિટિવ દર્દીની સંખ્યા ૧.૬૪ લાખને પાર કરી જશે. પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું કે શહેરમાં કોરોના પોઝિટિવના ૩૭ ટકા દર્દીઓ માન દરવાજા મીઠી ખાડી વિસ્તારના છે. માન દરવાજા વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ નહીં થતા ૨૦, ૨૧ અને ૨૨ તારીખે પોઝિટિવ કેસોની સંખ્યા ડબલ થઈ ગઈ હતી. દેશમાં દર દસ દિવસે કોરોનાના કેસો ડબલ થઈ રહ્યા છે.

સુરતમાં દર દસ દિવસે કોરોના પોઝિટિવના કેસ ડબલ થાય તો ૩૧મી મેના રોજ સુરતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૩૨ હજાર થશે. દર સાત દિવસે કોરોના પોઝિટિવના કેસ ડબલ થયા તો ૩૧મી મેના રોજ સુરતમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૬૪ હજારને પાર કરી જશે. દર પાંચ દિવસે કોરોનાના કેસ ડબલ થયા તો ૩૧મી મે સુધીમાં ૮૦ હજાર કેસ આવી શકે અને માન દરવાજાની જેમ દર ત્રણ દિવસે ડબલ થયા તો ૩૧મી મેના રોજ સુરતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૬૪૦૦૦ હશે. કોરોના પોઝિટિવના કેસો ડબલ થવાની બાબત સ્પષ્ટપણે બતાવે છે કે સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ થાય તો જ કેસો ઘટી શકશે અને તો જ આપણા માટે ચિતાનો વિષય નથી. શહેરીજનો આગામી દિવસોમાં સંયમ રાખે. માસ્ક પહેરે અને સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ કરે.



કમિશનર પાનીએ કહ્યું હતું કે શહેરની ૩૫૧ પૈકી ૫૧ ઝૂંપડપટ્ટીમાં કોરોના પોઝિટિવના કેસ મળી આવ્યા છે જે ચિતાનો વિષય છે. રહેણાંક સોસાયટીઓમાં લોકો સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ કરતા હોવાથી કોરોનાના કેસોની સંખ્યા ઘટી છે જયારે સોસ્યલ ડિસ્ટન્સિંગનો અમલ થતો નહીં હોવાથી ઝૂંપડપટ્ટીઓમાં કોરોનાના કેસો વધી શકે છે.

## વડોદરામાં કોરોનાથી અત્યાર સુધી ૫૭ દર્દીઓ સાજા થયા

# વડોદરામાં તબીબ સહિત વધુ ૪ દર્દીઓ કોરોના મુક્ત થતા અપાઈ રજા

વડોદરા,તા.૨૫

વડોદરામાંથી સતત રાહતના સમાચાર સામે આવી રહ્યાં છે. તાજેતરમાં જ વડોદરામાં એકસાથે ૪૫ દર્દીઓ રિકવર થયાના સમાચાર આવ્યા હતા. જેના બાદ બીજા વધુ એક રાહતના સમાચાર મળ્યા છે. કોરોના સંક્રમિત તબીબ સહિત ચાર દર્દીઓ કોરોના મુક્ત થયા છે. ડો.ફેઝાન કુરેશી સહિત ચાર દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. પાણીગેટની નીલકંઠ હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબ ડો.ફેઝાન કુરેશીને ચેપ લાગ્યો હતો. ત્યારે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ ડો.ફેઝાને વડોદરાના આરોગ્ય તંત્રના વખાણ કર્યા હતા. વડોદરામાં કોરોનાથી અત્યાર સુધી ૫૭ દર્દીઓ સાજા થયા છે. તો બીજી તરફ, વડોદરામાંથી કોરોનાના શંકસ્પદના વધુ ૬૮ લોકો મળ્યા છે. રેડ ઝોનમાંથી ૫૦ શંકાસ્પદ દર્દી તથા ઓરેન્જ અને યલો ઝોનમાંથી ૯ શંકાસ્પદ દર્દી મળ્યા છે. તંત્ર દ્વારા કુલ ૩૪૫૯૦ ઘરોનો ડોટ ટુ ડોર સર્વે કરાયો હતા. જેમાંથી ૬૮ શંકાસ્પદના કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા. વડોદરામાં આજથી રમઝાન માસની શરૂઆત થઈ રહી છે.

વડોદરા પોલીસ આજથી શહેરની ૧૭૦ મસ્જિદો ફરતે પેટ્રોલિંગ કરશે. ત્યારે ખાણીપીણીની લારીઓ ખોલવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. રાજ્યમંત્રી યોગેશ પટેલે પોલીસ કમિશનર સાથે મળીને એક્શન પ્લાન તૈયાર કર્યો હતો.

મૌલાના મસ્જિદના લાઉડ સ્પીકર પર એનાઉન્સમેન્ટ કરશે કે, ઘરે રહીને જ નમાજ અદા કરો. કોરોના વાયરસને લઈને શહેર પોલીસ કમિશનર વધુ કડક થયા છે. લોકડાઉન ભંગ કરનાર સામે આજથી કડકાઈથી અમલ કરવાની અધિકારીઓને સૂચના આપી દેવાઈ છે.

તંત્ર દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલા પાસ પરમિટ વગર બિનજરૂરી નીકળશે તેની સામે ગુનો દાખલ કરવામાં આવશે. રમજાન માસ દરમિયાન ખાણીપીણીની લારીઓ ખૂલશે નહિ કે દુકાન ઉપર ભેગા થશે તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. મુસ્લિમ બિરાદરો પોતાના ઘરમાં રહી નમાજ, ઈમાદત, ઈફતાર અદા કરે તેવી કરવામાં અપીલ કરવામાં આવી છે.

વડોદરામાં નિવૃત્ત પોલીસ જવાનોને ફરી ફરજ પર લેવાયા છે. કોરોના વાયરસની મહામારી સામે લડવા ફરી અધિકારીઓને નોકરી પર લેવાયા છે. ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી તરીકે ૨૪ નિવૃત્ત પોલીસ કર્મીઓને ફરી લેવાયા છે. વડોદરા પોલીસ કમિશનરે ફરજ પર હાજર થયેલ નિવૃત્ત પોલીસ કર્મીઓને આવકાર્યા હતા.

# અમદાવાદ અને સુરત ની મુલાકાત બાદ વર્તમાન પરિસ્થિતિને લઈને કરાઈ ચર્ચા

અમદાવાદ,તા.૨૫

સમગ્ર રાષ્ટ્રમાં જયારે કોરોનાના કહેર વચ્ચે લોકડાઉન ચાલી રહ્યું છે, ત્યારે આજે વહેલી સવારે શનિવારના રોજ કેન્દ્રીય આરોગ્ય વિભાગ અને કેન્દ્રીય ગૃહ વિભાગની બે ટિમ ગુજરાત આવી પહોંચી છે. અમદાવાદ અને સુરત શહેરમાં કેન્દ્રીય કક્ષાના અધિકારીઓએ મુલાકાત લઈ વર્તમાન પરિસ્થિતિને લઈને ચર્ચા-વિચારણા કરી હતી. જેમાં ખાસ અમદાવાદની પરિસ્થિતિ દિવસેને દિવસે વધુ બગડી રહી છે હોવાથી મૂદ્દાસર વાતચીત કરવામાં આવી હતી. જણાવી દઈએ કે, શહેરના કલેક્ટર, શહેર પોલીસ કમિશનર તથા મ્યુન્સિપલ કમિશનર સાથે આ બેઠકનો દોર યોજાયો હતો.

ઉલ્લેખનીય છે કે, આ બેઠક બે ભાગમાં થઇ હતી જેમાં એક બેઠક ઉસ્માનપુરાની હોટલ હયાત રેજન્સી ખાતે સવારે ૦૯:૦૦ થી ૦૯:૩૦ વાગ્યાના અરસામાં યોજાઈ હતી અને આ બેઠક લગભગ ૧૧:૦૦ થી ૧૧:૩૦ વાગ્યાના અરસામાં પૂર્ણ થઇ હતી. ત્યારબાદ મિટિંગનો બીજો દોર અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે બપોરે ૧૨:૦૦ વાગ્યાના અરસામાં યોજાયો જેમાં કેન્દ્રીય હેલ્થ વિભાગના અધિકારીઓ તથા શહેર પોલીસ કમિશ્નર સહીતના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. હાઈપાવરની આ મિટિંગમાં કેન્દ્રની ટિમ સમક્ષ સમગ્ર અમદાવાદ શહેરનો વાસ્તવિક ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં કોરોનાના પોઝેટીવ કેસના આંકડાથી લઈને આગામી સમયમાં આ પરિસ્થિતને પહોંચી વળવા માટે તંત્ર કેટલું સુસજ્જ છે તેની ચર્ચા કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવી હતી. જેમાં મેડિકલ વિભાગના કર્મીઓને કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેમ કે, વાત કરવામાં આવે તો પીપીઈ કીટ થી લઈને કોરોના ટેસ્ટ કીટની અછત આ તમામ મુદ્દાઓ ઉપર કેન્દ્ર કક્ષાના સચિવ ભુપેન્દ્રસીંગ ભલ્લાની અધ્યક્ષતામાં આ મિટિંગ યોજાઈ તેમાં ચર્ચા થઇ હતી.

હોટલ હયાત રેજન્સી અને ત્યારબાદ અમદાવાદ કલેક્ટરે કચેરી ખાતે યોજાયેલી આ હાઈપાવર મિટિંગનો દોર લગભગ બે થી અઢી કલાક ચાલી જેમાં કેન્દ્રીય સચિવ ભુપેન્દ્રસીંગ ભલ્લા, અમદાવાદ કલેકટર, શહેર પોલીસ કમિશનર, ડીડીઓ અરુણ મહેશ બાબુ, મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમેલી વેરફેર ડિપાર્ટમેન્ટ રિપ્રેઝન્ટેટિવ ચંદના ડે પણ હાજર રહ્યા હતા આ સહીત કેન્દ્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માણસા તાલુકાના સરપંચોએ તંત્ર સામે વ્યક્ત કર્યો બળાપો

અમદાવાદ,તા.૨૫

૨૪મી એપ્રિલ વિશ્વ પંચાયત દિન છે ત્યારે એક તરફ વડાપ્રધાન દેશના ગ્રામ્ય વિસ્તારોના સરપંચ સાથે કોરોનાની મહામારી બાબતે સીધો સંવાદ કરી રહ્યા હતા. તેવા સમયે માણસા તાલુકાના સરપંચોએ તેમના વણઉકલ્યા પ્રશ્નો બાબતે મામલતદાર સહિતના અધિકારીઓ સામે બળાપો વ્યક્ત કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મારતા તાલુકાના તમામ ગામોના સરપંચોએ આજે માણસા તાલુકા સરપંચ એસોસિયેશનના નેજા હેઠળ મહામારીના સમયમાં જનતા કરફ્યુ અને બે વખતના લોકડાઉનમાં અત્યાર સુધી પોતાના ગામમાં દવાના છંટકાવથી લઈને કોરોનાનું સંક્રમણ ના થાય તે માટે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ એક માસથી કરી રહ્યા છે, પરંતુ તેઓને કામગીરી બાબતે મળતી કેટલીક મુશ્કેલીઓ અંગે તંત્રને જાણ કરવા છતાં સંકલનનો અભાવ હોવાના કારણે તેમની સમસ્યાઓનું નિરાકરણ આવતું નથી. ગામના લોકો સાથે ખોટા વિવાદો ઊભા થતાં હોવાના કારણે સરપંચો આજથી ગામની તમામ કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. પ્રશ્નો અંગે જાણ કરાતા મામલતદાર ડોક્ટર શાહે તેઓને સાંજે બોલાવ્યા હતા અને તે સમયે તમામ વિભાગના અધિકારીઓની હાજરીમાં સરપંચોની વાતને વાચા અપાવી હતી.

તેમાં મુખ્યત્વે પોતાનું વતન હોવાના કારણે ગામમાં બહારથી આવેલા અને આવતા લોકોને અટકાવવાના કારણે થતા વિવાદો ઉભા થાય છે. તેમાં પોલીસ અધિકારી સરપંચની વાત નહીં માને તો તેમના પર કાયદેસર ફરિયાદ દાખલ કરવાનું આશ્વાસન અપાયુ હતું. તે ઉપરાંત સંકલન દ્વારા તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ખાતરી આપતા સરપંચોએ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

### હાઇડ્રોક્સીક્લોરોકવીનના બે ઘટક હડમતાળાની ફેક્ટરીમાં થઈ રહ્યા છે તૈયાર

ગોંડલ,તા.૨૫

કોરોનાવાયરસનું મારણ શોધવા વિશ્વ આખું ઊંધે માથે થયું છે ત્યારે હાલ ભારતમાં બનતી હાઈડ્રોક્સીક્લોરોકવીન દવાનો ઉપયોગ કરોના દર્દી માટે આશાનું કિરણ બન્યું છે ત્યારે આ દવાની માંગ વિશ્વ આખામાં થવા પામી છે અને કેન્દ્ર સરકાર દ્વારા પણ વધુમાં વધુ ઉત્પાદન થાય તેવા પ્રયાસો કરવા સૂચન કરાયું છે.ગોંડલ તાલુકાના હડમતાળા જી.આઈ.ડી.સી.માં આવેલ રાજકોટના રહેવાસી અલ્કેશભાઈ ગોસલીયાની પારમેક્સ ફાર્મા લિમિટેડ કંપનીમાં હાઈડ્રોક્સીક્લોરોકવીન ટેબલેટ બનાવવાના ઉપયોગમાં આવતાં નોવેલડાયામાઈન તેમજ અન્ય એક ઘટક બનાવવામાં આવી રહ્યું છે જે કેડીલા કંપનીને પહોંચાડવામાં આવશે એક મહિનામાં ઓછામાં ઓછો આશરે સાતથી આઠ ટન મટીરીયલ તૈયાર કરી પહોંચાડવાનો ઓર્ડર મળી ચૂક્યો છે.આ તકે અલ્કેશભાઇ ગોસલીયાએ જણાવ્યું હતું કે ભારત અને સમગ્ર વિશ્વ પર કોરોનાની આફત આવી ચૂકી છે દેશનો નાનામાં નાનો નાગરિક સૈનિકની જેમ લડી રહ્યો છે ત્યારે અમારી પણ ફરજ છે કે અમે વધુને વધુ દવાના ઘટકનું ઉત્પાદન કરી દેશસેવા નિભાવીએ અમારી પાસે થોડી ટેકનોલોજીની અછત હતી જે કેડીલા કંપની દ્વારા પૂર્ણ કરવામાં આવી છે કંપનીના ત્રણ સાયન્ટિસ્ટોએ બાર દિવસ પારમેક્સ ફાર્મમાં રોકાઈ કંપનીને ટેકનોલોજીથી સજ્જ કરી ચુક્યા છે. અમોને પણ દેશ સેવા કરવાનો મોકો મળ્યાનું ગૌરવ છે,

## સુરત લોકડાઉનમાં પરપ્રાંતિય કામદારોને ઘેટા-બકરાની જેમ ભરી નીકળેલો ટ્રક ઝડપાયો

બારડોલી,તા.૨૫

હાલ દેશભરમાં બીજા તબક્કામાં લોકડાઉન ચાલી રહ્યું છે જેને પગલે ફક્ત આવશ્યક સેવાઓ તેમજ ટ્રાન્સપોર્ટ સેવાઓ ચાલુ રાખવામાં આવી છે તો બીજી તરફ બધી મિલો તેમજ કંપનીઓ બંધ હાલત માં છે જેને પગલે કંપનીમાં તેમજ મિલોમાં કામ કરતા મજૂર વર્ગોની હાલત કફોડી બની છે ત્યારે આપણે સુરતના પલસાણા તાલુકાની વાત કરીએ તો આ સમગ્ર વિસ્તાર પરપ્રાંતિયોને વરેલો વિસ્તાર છે ત્યારે હાલ લોકડાઉન ના પગલે તમામ મિલો બન્ધ હોવાથી પરપ્રાંતિયોની હાલત કફોડી બની છે ત્યારે પોતાના વતન પરત ફરવા માટે લોકો ચાલતા તેમજ અન્ય પેતરા કરીને નીકળી જતા હોય છે ત્યારે ગઈકાલે રાત્રે જોળવા પોલીસ ચોકીએ કરેલ નાકાબંધી માંથી એક ટ્રક ઝડપી પાડ્યો હતોજેમાં ઘેટાં બકરાની જેમ ૧૦૦ થી વધુ પરપ્રાંતીય નાના બાળકો તેમજ મહિલા સહિત પોતાના વતન તરફ ફરી રહ્યા હતા. હાલ લોકડાઉન હોવાથી તેઓ છુપી રીતે પોતાના વતન જઈ રહયા હતા. ત્યારે અહીં તેઓને જમવાનું નહિ મળતા તેમજ કામ ધંધા બંધ હોવાથી અને રોજ બરોજના ખર્ચા થી કંટાળીને ગયેલા પરપ્રાંતિયો આક્રોશ સાથે પોતાના વતન ફરી રહ્યા હતા તેમજ સરકાર ઉપર હૈયા વરાળ ઠાલવી હતી.

## રોગપ્રતિકારક વધારીને ન્યૂયોર્કમાં વાપીના દેસાઈ પરિવારે ઘરમાં રહીને કોરોનાને હરાવ્યો

વાપી,તા.૨૫

અમેરિકાનું ન્યુયોર્ક શહેર કોરોના વાઈરસનું એપી સેન્ટર બન્યુ છે. ત્યારે મૂળ વાપીના અને હાલ ન્યુયોર્કમાં રહેતા અનાવિલ પરિવારના ૪ સભ્યોને કોરોના પોઝિટિવનો રિપોર્ટ આવ્યો હતો. પરિવારનો પુત્ર મેડિકલ સ્ટોર ચલાવતો હોવાથી પરિવારે રોગપ્રતિકારક શકિત વધારવાની સાથે વિટામીન સી, ઝીંક, એલ્ડરબેરી અને પેરાસિટામોલ દવાનો ઉપયોગ કર્યો હતો. ઘરમાં જ રહીને અનાવિલ પરિવારના સભ્યોએ કોરોનાને ૧૫ દિવસમાં માત આપી હતી. વાપી જલારામ સોસાયટી સ્નેહ પાર્કના મૂળ રહેવાસી અંકિત મહેન્દ્ર દેસાઈ હાલ અમેરિકાના ન્યુયોર્કના મેનહેટન શહેરમાં વર્ષોથી રહે છે. જ્યાં કોરોના વાઈરસના સૌથી વધારે કેસો છે. વાપીનો અનાવિલ પરિવાર પણ કોરોના વાઈરસની ચુંગાલમાં આવી ગયો હતો.પહેલા અંકિત દેસાઈના પિતા મહેન્દ્ર દેસાઈની તબિયત લથડતા તેમનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્રણ દિવસ બાદ ખુદ અંકિત દેસાઈ તથા તેમના બે પુત્રોને પણ કોરોના પોઝિટિવ આવ્યો હતો.

પરિવારના ચાર-ચાર સભ્યોનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. આમ છતાં ઘરમાં રહી રોગપ્રતિકારક શક્તિની દવાનો વધારે ઉપયોગ કરી હોસ્પિટલમાં સારવાર લીધા વગર માત્ર ૧૫ દિવસમાં તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતાં.

## સુરતમાં SVNITના પ્રોફેસરનો દાવો

# તુલસી, લીમડો અને લીંબુ સહિતની ઓષધિઓથી કોરોનાના દર્દીઓને સાજા કરી શકાય

સુરત,તા.૨૫

આજે ભારત સહિત વિશ્વ વૈજ્ઞાનિકો કોરોના વાયરસ એટલે કે, કોવિડ ૧૯ની દવા શોધી રહી છે. તેવામાં એસવીએનઆઈટીના એપ્લાઇડ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના એસોસિએટ પ્રોફેસર ડો. એસ. કે. શાહૂ અને રિસર્ચ સ્કોલર ડો. સેશુ વર્ધને દાવો કર્યો છે કે કોવિડ ૧૯ના દર્દીઓને જેવી રીતે મેલિરાયાની એટલે કે, હાઈડ્રોક્સીક્લોરોક્વિનથી સાજા કરી શકાય છે. એવી જ રીતે તુલસી, લીમડો અને લીંબુ સહિતની ઓષધિઓથી પણ કોવિડ-૧૯ના દર્દીઓને સાજા કરી શકાશે. આજે વિશ્વમાં કોવિડ ૧૯ની દવા મળી ના હોવાથી કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. તેવામાં હવે વૈજ્ઞાનિક બાદ ઈજનેર પણ કોવિડ-૧૯ની દવા શોધવા માટે આગળ આવ્યા છે.

એસવીએનઆઈટીના એપ્લાઇડ કેમેસ્ટ્રિ ડિપાર્ટમેન્ટના એસોસિએટ પ્રોફેસર ડો. એસ. કે. શાહૂએ કોવિડ-૧૯નો ડેટાબેઝ લીધો હતો. ટૂંકમાં સમજીયે તો કોવિડ-૧૯માં ક્યા પ્રકારના પ્રોટિન સહિતની બાબતો. જે પછી ડેટાબેઝને કોમ્પ્યુટરમાં નખાયો હતો અને અલગ અલગ રીતે ડ્રગ્સ, રસાયણ, દવાઓ અને ઔષધિઓના ડેટાબેઝથી બન્ને મર્જ કર્યો હતો.

તેવામાં તુલસી, લીમડો, લિંબુ સહિતની ઔષધિમાંથી મળેલા મોલિકલ કોવિડ ૧૯ના પ્રોટિન સાથે સરળતાથી મર્જ થઈ ગયા હતા. આ સાથે કોવિડ-૧૯ વાયરસને પ્રસરતા અટકાવ્યો હતો. જેને પગલે શરીરમાં રોગપ્રતિકાર શક્તિ વધી ગઈ હતી. આમ, ઈજનેરને તુલસી, લીમડા અને લીંબુ સહિતની ઓષધિઓથી કોવિડ-૧૯ સામે લડવામાં થોડી સફળતા મળી હતી. જોકે, હાલ પૂરેપૂરી સફળતા મેળવવા માટે રિસર્ચ કાર્યરત છે.

# લોકડાઉનમાં ગુજરાત પોલીસ માટે રમજાન મહિનો વધુ ચેલેન્જિંગ બની રહેશે

અમદાવાદ,તા.૨૫

રમજાન મહિનાની શરૂઆત થઈ છે. ગઈકાલે રમજાનનો ચાંદ નજર આવી ગયો છે. શિયા ચાંદ કમિટીએ ચાંદ દેખાયાની પુષ્ટિ કરી છે. ઈદગાહ લખનઉના ઈમામ મૌલાના ખાલિદ રશીદ ફરંગીએ એલાન કર્યો કે, ૨૪ એપ્રિલ ૨૦૨૦ના રોજ રમજાનુલ મુબારક ચાંદ થઈ ગયો છે. પહેલો રોજા આજે શનિવારથી રાખવામા આવશે. તો બીજી તરફ, ગુજરાત પોલીસ માટે રમજાન મહિનો વધુ ચેલેન્જિંગ બની રહેશે. આ માટે પોલીસે ઘરમાં રહીને જ ઈબાદત કરવાની સલાહ આપી છે. તેમજ પોલીસ આ મામલે સખત બનીને કડક પગલા લઈ રહી છે. ગઈકાલે જામનગરના આકાશમા રમઝાનનો ચાંદ દેખાયો હતો.જામનગરમાં આજથી રમઝાન માસનો પ્રારંભ થયો છે. કાઝી-એ-ગુજરાત સૈયદ સલીમબાપુ દ્વારા ચાંદની ગવાહી કરાઈ છે. લોકોને ઘરમાં રહીને રમઝાનની ઈબાદત કરવા અપીલ કરાઈ છે. મુસ્લિમો દ્વારા રોઝા અને તરાવિહની ઈબાદત કરાશે. વડોદરામાં આજથી રમઝાન માસની શરૂઆત થઈ રહી છે. વડોદરા પોલીસ આજથી શહેરની ૧૭૦ મસ્જિદો ફરતે પેટ્રોલિંગ કરશે. ત્યારે ખાણીપીણીની લારીઓ ખોલવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. રાજ્યમંત્રી યોગેશ પટેલે પોલીસ કમિશનર સાથે મળીને એક્શન પ્લાન તૈયાર કર્યો હતો.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK